વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરતી સભ્યશ્રી ભરતભાઈ પટેલ (નરેશભાઈ પટેલ અને પ્રદ્યુમનસિંહ જાડેજા)ની સૂચના એટલે કે :–

**''ગુજરાત રાજ્યના કચ્છ, વલસાડ, નવસારી તથા અન્ય જિલ્લાઓના દરિયા કિનારેથી છેલ્લાં ૧૫ દિવસમાં આશરે રૂ.૮૫૦ કરોડનું ડ્રગ્સ સઘન ચેકીંગ કરીને પોલીસ દ્વારા પકડેલ છે. આના પરિણામે લોકોમાં ભય અને ચિંતાની લાગણી ફેલાયેલ છે. આવા ડ્રગ્સની હેરાફેરી અટકાવવા તથા ડ્રગ્સના વપરાશથી રાજ્યનું યુવાધન બરબાદ ન થાય તે માટે રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલા પગલાંઓ''**

---

માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું નિવેદન તા.૨૩/૦૮/૨૦૨૪

---

ગુજરાત રાજ્યમાં નશાબંધીને લગતા ગુનાઓ નેસ્તનાબૂદ કરવા રાજ્ય સરકારની પ્રાથમિક અગ્રિમતા છે. ગાંજો, ચરસ, અફીણ, હેરોઇન જેવા નશીલા પદાર્થોના સેવનનું દૂષણ અસરકારક રીતે દૂર કરવા તથા આ પ્રવૃતિમાં સંડોવાયેલ ગુનેગારોને પકડવા ગુજરાત સરકાર દ્વારા એક અભિયાન હાથ ધરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે ભારતીય તટરક્ષક દળ તથા અન્ય એજન્સીઓના સહયોગથી પડોશી દેશો દ્વારા માદક પદાર્થો ગુજરાત રાજયમાં ઘુસાડવાના ઈરાદાઓ સામે ગુજરાત પોલીસ સતર્ક રહી છેલ્લા એક વર્ષમાં રાજયમાં NDPS Act હેઠળ ૩૧૭ ગુના દાખલ કરી કુલ–૪૩૧ આરોપીઓ પકડી અંદાજે ૫૬૪૦ કરોડ રૂપિયાનો મુદ્દામાલ પકડી સમગ્ર દેશમાં નાર્કોટીક્સના દૂષણથી દેશના યુવાધનને બચાવવા માટેનો એક સંનિષ્ઠ પ્રયાસ કરી રહેલ છે.

**<u>ડ્રગ્સના દૂષણને અટકાવવા ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવી રહેલ અસરકારક કામગીરી:–</u>**

ગુજરાત રાજ્યના કચ્છ, વલસાડ, નવસારી તથા અન્ય જિલ્લાઓના દરિયા કિનારેથી છેલ્લા ૧૫ દિવસમાં આશરે રૂ. ૮૯૨ કરોડનો મુદ્દામાલ પોલીસ દ્વારા પકડેલ છે. તેમજ વર્ષ–૨૦૨૪ દરમિયાન એ.ટી.એસ. દ્વારા દરિયાઇ વિસ્તારમાંથી રૂ. ૪૨૭ કરોડનો ૬૧ કિલો ગ્રામ ડ્રગ્સનો મુદ્દામાલ પકડેલ છે. ગુજરાતના દરિયાઇ વિસ્તારમાં ગુજરાત પોલીસની સતર્કતા અને સઘન પેટ્રોલીંગના પરિણામે દરિયાઇ વિસ્તારમાં આવેલ નાના–મોટા લેન્ડીગ પોઇન્ટ પર આશરે રૂ. ૧૭૮ કરોડનું બિનવારસી ડ્રગ્સ પકડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં એન.ડી.પી.એસ. એક્ટ–૧૯૮૫ હેઠળ પકડાયેલ આરોપીઓ આવી પ્રવૃતિમાં ફરીથી ન જોડાય તે માટે એન.ડી.પી.એસ. એકટ–૧૯૮૫ ની કલમ–૬૮(ઈ) (એફ) અંતર્ગત આરોપીઓની ગેરકાયદેસર મિલકતની ઓળખ કરી આવી મિલકતને જપ્ત કરવામાં આવે છે.

નાર્કોટીક્સના ગુનામાં પકડાયેલ આરોપીઓ જેલમાંથી છૂટ્યા બાદ ફરીથી આજ પ્રવૃત્તિમાં જોડાઇ ન જાય તે હેતુથી આવા આરોપીઓ પર અસરકારક સર્વેલન્સ રાખવામાં આવે તો આવી પ્રવૃત્તિનો વ્યાપ ઘટાડી આવા ગુનેગાર તથા તેઓની સાથે સંકળાયેલ અન્ય નાર્કોટીક્સ સીન્ડીકેટના આરોપીઓની માહિતીના આધારે નાર્કોટીક્સના કેસો શોધી શકાય તેથી નાર્કોટીક્સના ગુનામાં જામીન ઉપર છૂટેલ કુલ–૫૫૩૨ આરોપીઓ ઉપર સર્વેલન્સ રાખવા માટે મેન્ટોર પ્રોજેક્ટ અંતર્ગત શહેર/જિલ્લાઓમાં મેન્ટોરની નિમણૂક કરવામાં આવેલ છે.

એન.ડી.પી.એસ મેન્ટોર પ્રોજેક્ટ અંતર્ગત કરવાની થતી કામગીરીના અસરકારક સુપરવિઝન માટે નોડલ ઓફિસર તરીકે એસ.ઓ.જી.શાખાના ઇન્ચાર્જની નિમણૂક કરેલ છે. જે અંતર્ગત તા.૨૬/૧૨/૨૦૨૩ના રોજ દરેક શહેર/જિલ્લામાં આરોપીઓને Counselling, Information collection, Deterrence ની કાર્યવાહી કરવા સૂચના કરેલ.

ગુજરાત પોલીસના વિવિધ એકમો, સામાજિક સંસ્થાઓ, મહિલા જૂથો, ધાર્મિક સંસ્થાઓ, ધાર્મિક નેતાઓ અને સંતો સાથેની ભાગીદારીમાં, રાજ્યભરમાં અસંખ્ય ડ્રગ્સ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરેલ છે.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પોલીસ અધિકારી/કર્મચારીને નાર્કોટીક્સના વધુમાં વધુ કેસો કરે તે માટે પ્રોત્સાહિત કરવા માટે તા.૧૪/૧૦/૨૦૨૧ના રોજ રિવોર્ડ પોલીસી જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત ૨૩૩ અધિકારી/બાતમીદારોને રિવોર્ડ આપીને પ્રોત્સાહિત કરેલ છે.

આ ઉપરાંત, રાજ્યમાં ડ્રગ્સ રોકવાની કામગીરીમાં રોકાયેલ અલગ અલગ ખાતાઓ એક બીજાના સંકલનમાં રહી સમગ્ર રાજ્ય એક ટીમ તરીકે કામ કરી શકે તે માટે ગૃહ મંત્રાલયની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાએ સમયાંતરે NCORDની મીટીંગ્સનું આયોજન કરવામાં આવે છે તેમજ રાજ્ય કક્ષાએ નાર્કોટીક્સની બદી દૂર કરવા એક સંકલિત પ્રયાસના ભાગરૂપે ‘Anti-Narcotics Task Force' ની રચના કરવામાં આવેલ છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં એસ.ઓ.જી.ની અંદર એન.ડી.પી.એસ.ની કામગીરી માટે અલગથી એક ટીમની રચના કરવામાં આવેલ છે. દરિયા કિનારે ડ્રગ્સને રોકવા દરિયા કિનારે આવેલ જિલ્લાઓમાં અલગથી મરીન પોલીસ સ્ટેશનોની રચના કરવામાં આવેલ છે. તેમજ રાજ્યમાં ડ્રગ્સની કામગીરીમાં જોડાયેલા શકમંદ ઇસમોના નાણાકીય વ્યવહાર પર પણ ચાંપતી નઝર રાખવામાં આવે છે.

અહીં, જે ૧૫ દિવસમાં રૂ. ૮૫૦ કરોડનું ડ્રગ્સ પકડાયેલ છે, તેમાં રૂ. ૮૦૦ કરોડનું ડ્રગ્સ તો ગુજરાત એ.ટી.એસ.ની ટીમ મહારાષ્ટ્રમાં જઈને પકડેલ છે.

આમ, ગુજરાત રાજ્ય વિશાળ દરિયાઇ સીમા તેમજ પાકિસ્તાન સાથે આંતરાષ્ટ્રીય સીમાથી જોડાયેલ હોઈ પડકારરૂપ ભૌગોલીક પરીસ્થિતિ ધરાવતું હોવા છતાં, ગુજરાત સરકારની નાર્કોટીક્સ ડ્રગ્સ બાબતે 'ZERO TOLERENCE' નીતિના ભાગ રૂપે રાજ્યના તમામ ખાતાઓ સંકલિત પ્રયાસ કરી રાજ્યમાંથી નાર્કોટીક્સની બદી નેસ્તનાબૂદ કરવા કટિબદ્ધ છે.

_*_*_*_*_